ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સાંસદોની રગમાં ફરે રાષ્ટ્રપ્રેમ એવી રસી શોધો,
મફતમાં ભથ્થાં પણ પચાવી દે એવી રસી શોધો,
જાગે ઐક્યની ભાવના સૌના હૃદયમાં એવી રસી શોધો,
દેશદાઝથી સળગી ઉઠે હૈયાં એવી રસી શોધો.

હાઈકુ

ધ્વજવંદન
નેતાઓ માટે તો છે -
ઉત્તર ક્રિયા !
(ફરજિયાત ક્રિયા)

છે કર્મકાંડ
સામાજિક વેવાર
શુષ્ક ભાવથી -
(ખેંચાય છે માત્ર દોરી)

### ચિંતન

ન પ્રીયતે વન્દ્યમાનઃ નિન્દ્યમાનઃ ન કુપ્યતિ ।
ન એવ ઉદ્વિજતિ મરણે જીવને ન અભિનંદતિ ॥

ઉપરોક્ત શ્લોક કેન ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાની, કોઈ વંદન કરે, સ્તુતિ કરે તો પ્રસન્ન થતો નથી. તેમજ કોઈ નિંદા કરે તો ગુસ્સો થતો નથી, મૃત્યુ આવતાં તેને ઉદ્વેગ થતો નથી, તેમજ જીવન છે તેથી ખુશ થઈ જતો નથી.

પરમજ્ઞાનીને કોઈ દેહભાવ કે કર્તાભાવ ન હોવાથી, તેને કોઈ વખાણે, સ્તુતિ કરે, પ્રમાણ કરે, તો એ કંઈ ખુશીથી ઉછળી જતો નથી. હા, પ્રણામ કરનાર કે સ્તુતિ કરનાર સામે આછું સ્મિત કરી જરૂર નમસ્કાર કરે છે, પણ અંતરથી જાણે કે આ બધું ઠીક છે. એ જ રીતે કોઈ નિંદા કરે, અપમાન કરે, વખોડે, તો એની ઉપર જરા પણ ગુસ્સે થતો નથી. મનમાં પણ કોઈ દ્વેષભાવની ગાંઠ બાંધી રાખતો નથી. એ જાણે છે કે નિંદા કરનારની પાત્રતા શું છે, કેટલી છે, એ જ આમાં બહાર આવે છે, મને તો કોઈ નિંદા ચોંટી જતી નથી. અને સમાજમાં લોકો શું કહેશે, એની એ કોઈ ચિંતા કરતો નથી. જિજીવિષા અને દેહભાવ હોય ત્યારે જીવ શરીર છોડી શકતો નથી. અને જ્ઞાનીને એવું કંઈ થાતું નથી.

### સુવિચાર

- નકારાત્મક આદતો એટલી હઠીલી નથી હોતી કે એ સકારાત્મક આદતો સામે લાંબોસમય ટકી શકે - **ડો. જીતેન્દ્ર અઢિયા**
- નિષ્ફળતાનાં ડરથી પ્રયત્ન જ ન કરવો એ અંધકારમાં અંધકાર ભર્યા સમાન છે - **રાજુ અંધારિયા**
- સત્યને કોઈ સ્વીકારતું નથી, બસ આ જ કારણ છે દરેક વ્યક્તિનાં દુઃખનું - **એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયાની દરેક વ્યક્તિ એક ચમકતો હીરો છે પરંતુ અમુક લોકો જ તેની પર રહેલા અજ્ઞાન રુપી કવચને તોડી શકે છે - **અખંડ આનંદ**
- ‘થાય એટલું કરીએ’ અને ‘કરીએ એટલું થાય’ આ બંને વચ્ચેનો તફાવત જેને સમજાય તેની પ્રગતિ એકસો ટાક થાય જ. - **નવનીત**
- તક એ સૂર્યોદય જેવી છે જેટલું ઊંઘશો તેટલું જ મોડું થશે - **જેક મા**
- આજનું ઔષધ : કાળી દ્રાક્ષને પાણીમાં લસોટીને ગાટી પેસ્ટ મોં ના ચાંદા પર લગાડવાથી તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નાના બાળકે ઈશ્વરની ઘણી બધી વાર્તાઓ માતાપિતા પાસેથી સાંભળી હતી. તેને વિચાર આવ્યો કે મારે ઈશ્વરને મળવું પડશે. એક વાર કોઈને ઘરે કહ્યા વગર તે નીકળી પડ્યો. સાથે નાસ્તાનો ડબ્બો અને ઓરેંજનો જ્યુસની બોટલ લીધી. બગીચામાં ફરતા ફરતા એક વૃદ્ધ દાદીમાં જે બાંકડે બેઠા હતા તેમની બાજુમાં બેઠો. એને નાસ્તાનો ડબો ખોલ્યો અને જ્યુસની બોટલનું ઢાકણું ખોલ્યું અને એ જ વખતે તેની નજર વૃદ્ધા પર પડી. બાળકે ડબો અને જ્યુસ પેલા વૃદ્ધને આપી દીધા. જવાબમાં પેલા વૃદ્ધા મીઠું હસ્યાં. એ હાસ્ય એટલું પવિત્ર હતું કે બાળકને થયું કે પેલા દાદીમાં ફરી એવું હસે. એટલે એણે પોતાના ખિસ્સામાંથી એક પીપરમીંટ પણ એમને આપી દીધા. આ બાળક અને દાદીમાં એક પણ શબ્દ બોલ્યા વગર ફક્ત એક બીજા સામે મીઠું હસી રહ્યા. સાંજ પડતાં બાળકે ઘર જવાનું હતું. તે ઉઠીને બગીચાના ઝાંપા સુધી પહોંચ્યો અને પાછો દોડતો આવીને દાદીમાં ભેટી પડ્યો. આ વખતે દાદીમાંનું હાસ્ય એક ઉત્તમ અનુભૂતિ હતી. છુટા પડીને બાળક ઘરે પહોંચ્યો અને એણે એના માતાને કહ્યું, ‘આજે મેં ઈશ્વર સાથે નાસ્તો કર્યો. એમનું હાસ્ય અદ્ભૂત છે.’ ‘દાદીમાં ઘરે પહોંચ્યા અને એમણે એમના દીકરાને કહ્યું, ‘આજે મેં બગીચામાં ઈશ્વરે આપેલો જ્યુસ અને નાસ્તો કર્યા. તેને ખબર છે ઈશ્વર ઉત્તરમાં ખૂબ નાના છે.’

# અફઘાનિસ્તાન ફરી એકવાર તાલિબાની સકંજામાં

તંત્રીસ્થાનેથી...

દેશના સ્વાતંત્ર્ય પર્વની ઊજવણીની સમાંતર આંતરરાષ્ટ્રીય ‘દુર્ઘટના’ અટકાવવા ન તો દુનિયાની અત્યાર લગી જમાદારી કરતું રહેલું અમેરિકા કશું કરી શક્યું કે ન અફઘાનિસ્તાની છત્રછાયા બની અનેક વિકાસકાર્યો માટે ઉદારતાપૂર્વક યોગદાન કરતું રહેલું ભારત. અફઘાનિસ્તાન સાથેના મધુર સંબંધોના આધારે ત્યાંના નેતાઓએ ભારતને કહેણ પણ મોકલાવેલું. તાલિબાનો સામે ઝઝૂમી રહેલા અફઘાનિસ્તાની સૈન્યને ભારત લશ્કરી મદદ કરે એવી અપેક્ષા વ્યક્ત કરતું એ કહેણ અનુત્તર જ રહ્યું. ભારત સરકારે તાલિબાનને કારણે પોતે પણ સંકટમાં આવી જવાશે - એટલું વિચારીને અફઘાનિસ્તાનની સેનાને કુમક પહોંચાડી હોય તો કદાચ પરિસ્થિતિ જુદી જ હોય. પરંતુ જયારે અત્યાર લગી અફઘાનિસ્તાનની સુરક્ષા કરતી અમેરિકી સેના જ ઉચાળા ભરીને માદરે વતન ભેગી થઈ રહી હોય ત્યારે ભારતને આવા અન્ય દેશના ઝઘડામાં સામેલ નહીં થવામાં જ ઔચિત્ય વરતાય એ સ્વાભાવિક છે. પાકિસ્તાનની આર્મીએ જ તાલિબાન સેનાને તાલીમ આપીને તૈયાર કરી હોઈ એને તો પાડોશમાં એક કટ્ટર ઈસ્લામિક શાસન સ્થપાય એમાં જ રસ હતો. આરબ અમીરાતના અનુકરણમાં તાલિબાન હવે પોતાને ‘ઈસ્લામિક અમિરાત’ તરીકે સ્થાપિત કરવા પ્રયાસરત છે. છેલ્લે હથિયાર હેઠાં મૂકી દેનારી અફઘાન સેના મૂળે તો ખીલાના જોરે કૂદતી હતી. જેવી અમેરિકી સેના વતન ભણી ઊપડી કે એનાં બારે વહાણ સામટાં ડૂબી ગયા અને મોટા ભાગના વિસ્તારોમાં તો એણે કશા જ પ્રતિકાર વગર તાલિબાન સામે ઘૂંટણિયે પડી જવામાં જ શાણપણ માન્યું. કાબુલનો સુરક્ષિત ગઢ સર કરવામાં તાલિબાનને ૯૦ દિવસ લાગશે એવી ગણતરી માંડનાર અમેરિકી સુરક્ષાવિદોએ પાછળથી ૩૦ દિવસ તો લાગશે જ, એવી આગાહી કરેલી. એ તમામ ગણતરીઓ ખોટી પાડીને લડાયક તાલિબાની યોદ્ધાઓએ કાબુલને વીજળીવેગે ઘેરી લીધું ત્યારે સૌથી નામોશી ભરી હાલત અમેરિકા અને ભારતની હતી. બેઉ દેશો પોતપોતાના નાગરિકો અને ડિપ્લોમેટને સલામત રીતે પરત લાવવાના પ્રયાસોમાં પડ્યા હતા. તાલિબાન મૂછમાં મલકાતા હતા. જે અમેરિકાએ વર્ષો પૂર્વે પાંચ વર્ષની સત્તા ભોગવનાર તાલિબાનને સૈન્ય બળથી મારી હટાવીને એ પહાડી મુલકમાં લોકપ્રિય કહ્યાગરી સરકારના હાથમાં શાસનસૂત્રો સોંપ્યા હતા, એ જ અમેરિકા નીચી મૂંડીએ એના બાકી રહી ગયેલા અધિકારીઓ અને સૈનિકોની સલામત વાપસી માટે તાલીબાનને ‘બંદર ઘુડકી’ આપી રહ્યું હતું : ‘ખબરદાર જો એકે અમેરિકન એમ્બસીના માણસને હાથ લગાડ્યો છે તો ! અમેરિકા બરાબરનો બોઠપાથ ભણાવી દેશે.’ - તાલિબાન પણ એટલું જ સમજતા હતા કે આ બધા અહીંથી ટળે એમાં જ આપણી સલામતી છે. જો બોઈડલ સામે ખુદ અમેરિકામાં રાડારાડ શરૂ થઈ ગઈ છે. સેના પરત બોલાવી લેવાનું ટાઈમટેબલ તો એમના પૂર્વસૂરિ ડોનાલ્ડ ટ્રમ્પના શાસનકાળમાં ઘડાયું હતું. ટાઢા કાળજે જો બાઈડને એનો અમલ કર્યો છે અને અફઘાનિસ્તાનને આતંકવાદીઓના હવાલે કરી દીધું છે. તાલિબાનોએ પોતાની શરતે સત્તા બદલો થાય એવું વલણ જરૂર અપનાવ્યું છે. અશરફ ઘની અને એમના ડેપ્યુટી તો સમો પારખીને સલામત રીતે કાબુલ છોડીને તાજિકીસ્તાન પહોંચી ગયા છે. પણ હવે અફઘાનિસ્તાન પર શાસન તો તાલિબાનનું જ રહેવાનું છે. આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે સુમેળ સાધવા માટે જ તાલિબાને કાબુલ કબજે કરતાં પહેલાં શાંતિ સંદેશા વહેતા કર્યા હતા. રશિયાના પિઠ્ઠુ ગણાતા તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ ડૉ. નજીબુલ્લાને જાહેર ચોકમાં ફાંસી આપીને સત્તાનાં સૂત્રો હસ્તગત કરનાર વીસ વર્ષ અગાઉનાં તાલિબાની શાસન કરતાં આ નવી પેઢીનું તાલિબાન શાસન થોડું ઉદાર હશે, એ છોકરીઓને ભણવાની છૂટ આપશે, પણ એમણે શરિયતના કાનૂનો પાળવા પડશે. શરિયત મુજબના શાસનમાં જે ક્રૂર સજાઓ થાય છે એ તો થશે જ ! તાલિબાન પ્રત્યે પ્રગતિશીલ ઈસ્લામિક રાષ્ટ્રોને નફરત છે. એટલે સંયુક્ત આરબ અમિરાતે દુબઈ એરલાઈન્સની અવરજવર બંધ કરી દીધી છે. પૂર્વ તાલિબાની શાસનને પાકિસ્તાન અને સાઉદી અરબ જેવાં રાષ્ટ્રોએ માન્યતા આપી હતી. નવા તાલિબાની શાસનને અમેરિકા સહિત પશ્ચિમનાં દેશો અને ભારત સુધ્ધાં પાસે માન્યતાની અપેક્ષા છે. જો કે થોડા દિવસ અગાઉ થયેલ ગોષ્ઠિમાં તો ચીન, પાકિસ્તાન અને ભારતે એકી અવાજે તાલિબાનનો વિરોધ કર્યો હતો. તાલિબાનનાં લક્ષણ જાણીતાં છે. પાકિસ્તાન માટે તાલિબાન ભારત વિરુદ્ધના પ્રોક્સી વોરનું હાથવગું હથિયાર બની શકે એમ છે. જે રીતે આંતરરાષ્ટ્રીય સમુદાયને અફઘાનસ્તાન પર તાલિબાનનો કબજો થવા દીધો તે જોતાં આગામી દિવસોમાં અફઘાનિસ્તાન ફરી ‘અંધારિયા ખંડ’ માં ફેરવાઈ જાય એવી પૂરી સંભાવના છે.

# વિવેકી માણસ સહુને વહાલો લાગે છે



અજવાળું - અજવાળું

તુષાર જોશી

એના ઘર પાસેના મેદાનમાં ટ્રકોની મસમોટી લાઈનો થઈ ગઈ છે, ટ્રકોમાંથી ડ્રાઈવર અને કલીનર ભાઈઓ વિશેષ રુપે બનાવેલા મંડળના આવી રહ્યા છે. એ તમામનું યજમાન મહિલા પ્રેમ પૂર્વક સ્વાગત કરી રહી છે. એ મહિલા આજ સુધી આમ તો સામાન્ય મહિલા જેવી જ હતી, પણ એના પુરુષાર્થ અને પરમાત્માની કૃપાથી આજે હવે એ વિશ્વભરમાં જાણીતો ચહેરો બની ગઈ છે, હા, વાત કરી રહ્યો છું તાજેતરમાં ટોકિયો ઓલિમ્પિકમાં મહિલાઓની ૪૯ કિલોગ્રામ કેટેગરીમાં ભારત માટે સિલ્વર મેડલ જીતનાર ગૌરવશાળી મહિલા ખેલાડી મીરાબાઈ ચાનુની.

સાઈખોમ મીરાબાઈ ચાનુ મણીપુર રાજધાની ઈમ્ફાલમાં રહે છે. બાળપણથી જ એનું લક્ષ અને રુચિ વેઈટ લીફટીંગમાં હતા. ભારતમાં રહીને મીરાબાઈ ચાનુએ વેઈટ લીફ્ટીંગ માટે શ્રેષ્ટ તાલીમ લેવાની હતી. એની કારકિર્દીના શરુઆતના દિવસોમાં એના ગામથી મુખ્ય શહેર સુધી તાલીમ માટે જવું પડતું ત્યારે વાહન માટેના પૈસા ન હતા. એવા સમયે મીરાબીને મદદે આવ્યા હતા હાઈવે પરના ટ્રક ડ્રાઈવરો... ટ્રક ડ્રાઈવરો અને કલીનરોએ એને માનભેર ટ્રકમાં લીફટ આપી હતી. અને એ રીતે એ તાલીમના સ્થળે પહોંચળી હતી. પછીથી એનું કામ બોલતું ગયું, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં એ મેડલ જીતતી ગઈ. ભારત સરકારે એને પદ્મશ્રી એવોર્ડ પણ આપ્યો. બીજા એવોર્ડ્ઝ પણ મળ્યા અને આખબરે તેના કોચની અને મીરાબાઈની મહેનત રંગ લાવી. ટોકિયો ઓલિમ્પિકમાં એ દેશમાં ને વિદેશમાં છવાઈ ગઈ. તેનું ભવ્ય સ્વાગત થયું. મીરાબાઈને વિચાર આવ્યો કે મારી સફળતાના પેલા ટ્રક ડ્રાઈવરોનો પણ ફાળો છે. તપાસ શરૂ કરી, સંપર્કો કર્યા ને આખરે ૧૫૦ જેટલા ટ્રક ડ્રાઈવર્સ અને કલીનર્સ એના આમંત્રણથી એના મહેમાન બન્યા. બધાને માનભેર ભોજન કરાવ્યું - ગીફ્ટ આપી અને મીરાબાઈ બધાને પગે લાગી.... વિશ્વ વિજેતા ખેલાડી ટ્રક ડ્રાઈવરો પ્રત્યે આભારને અહોભાવ પ્રગટ કરીને પગે લાગતી હતી. એક અદ્ભૂત દ્રશ્ય હતું, જેમાં મીરાબાઈના સંસ્કાર - ગરિમા - સરળતા અને વિવેક ભારોભાર છલકતા હતા. સહુ કોઈના માટે મીરાબઈ એ જાણે એક અદ્ભૂત આદર્શરુપ દાખલો જીવીને બેસાડ્યો હતો.

કબીર સાહેબે લખ્યું છે,
દીન ગરીબી બંદગી
સાધુન સો આધીન,
વા કે સંગ મેંયો રહું
જ્યોં પાની સંગ મીન
અહંકારથી મુક્ત એ જ દીનતા છે

વિવેકી માણસ સહુને વહાલો લાગે છે.

માણસ પોતાના ક્ષેત્રમાં ગમે તેટલો મોટો થાય પણ જો એ નમ્રતાના ગુણને, વિવેકના ગુણને આત્મસાત કરીને રાખે તો એના વ્યક્તિત્વની સુગંધ ચારેકોર ફેલાય છે. પુરુષાર્થ સફળતા જરૂર અપાવે, પણ એ સફળતા કે સિદ્ધિ પામવામાં જેમણે જેમણે કોઈ ને કોઈ રીતે યોગદાન આપ્યું હોય એમનું સ્મરણ થાય, એમના પ્રત્યે અહોભાવ પ્રગટ થાય ત્યારે માણસમાં રહેલા પોતીકા સંસ્કારના ને વિવેકના અજવાળા રેલાય છે.

# ચાર આશ્રમ



વિચારયાત્રા

ડો. જય ઓઝા

સનાતન ધર્મને વર્ણાશ્રમધર્મ કહેવામાં આવે છે. વર્ણાશ્રમ એ ભારતીય સંસ્કૃતિનું મુખ્ય સ્વરૂપ છે. વર્ણધર્મ એટલે શું એ આપણે આ પહેલાં જોઈ ગયા છીએ. હવે આશ્રમધર્મ એટલે શું તે જોઈએ.

માનવીનો વિકાસ થાય તે માટે ચાર આશ્રમોના ચાર તબક્કા રહ્યા છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ ને સંન્યાસાશ્રમ. સંન્યાસ એ અંતિમ ધ્યેય. અંતે અનાસક્ત જીવન એ જ પ્રાપ્તવ્ય. પરંતુ એ ધ્યેય તરફ ધીમે ધીમે ગતિ કરવા માટે પહેલા ત્રણ આશ્રમ છે. ધીમે ધીમે નિષ્કામ થવાનું, નિવૃત્તકામ થઈ જવાનું.

ભારતીય સંસ્કૃતિ કહે છે કે માણસ જન્મની સાથે જ ત્રણ ઋણ માથે લઈને આવે છે. ઋષિઋણ, પિતૃઋણ અને દેવઋણ. આ ત્રણ ઋણ આપણે અદા કરવાનાં હોય છે. બ્રહ્મચર્યાશ્રમ દરમિયાન ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરીને આપણે ઋષિઋણ ચૂકવીએ છીએ. આગળ જઈને, ગૃહાસ્થાશ્રમમાં સંતતિનું નિર્માણ કરીને, તેનો બરાબર ઉછેર કરીને આપણે પિતૃઋણ ફેડીએ છીએ; અને વાનપ્રસ્થ તેમજ સંન્યાસ એ બે આશ્રમો દ્વારા સમાજની સેવા કરીને આપણે દેવઋણ અદા કરીએ છીએ. ઈશ્વર સર્વ સૃષ્ટિ માટે છે. ઈશ્વરનું ઋણ અદા કરવાનું એટલે આપણે સહુના થવાનું.

બ્રહ્મચર્યાશ્રમમાં મુખ્યત્વે જ્ઞાનની ઉપાસના કરવાની હોય છે. ઉપનયન થાય ત્યારથી બ્રહ્મચર્યનો પ્રારંભ થાય છે. ઉપનયન એટલે બ્રહ્મચર્યની દીક્ષા. બ્રહ્મચર્ય કોઈક ધ્યેય માટે હોય છે. ધ્યેયહીન બ્રહ્મચર્ય નિરર્થક છે. ધ્યેયહીન બ્રહ્મચર્ય ટકતુ પણ નથી. જ્ઞાન માટે બ્રહ્મચર્ય. ગુરુ પાસે જ્યાં સુધી ભમી રહ્યા છીએ ત્યાં સુધી બ્રહ્મચર્યનો સાથ મજબૂત ઝાલી રાખવો જોઈએ.

ઉપનયન પ્રસંગે બધો બ્રહ્મચર્યનો જ મહિમા છે. બધાં પ્રતીકો બ્રહ્મચર્યનાં દ્યોતક છે. કમરમાં ત્રણ દોરાનો કંદોરો, મુંજનો કંદોરો બાંધવાનો. લંગોટી પહેરવાની. આનો શો અર્થ છે ? કમર મજબૂત રાખ. તારે જ્ઞાન મેળવવાનું છે. વિષયવાસના મારી નાખ, એમને બાંધી રાખ. લંગોટબંધ મરદ રહેજે બ્રહ્મચારી બટુને કંદોરો પહેરાવતી વખતે જે મંત્રો બોલવામાં આવે છે તે બહુ સુંદર છે.

આ આવા સુંદર મંત્રો છે. ઉપનયન એટલે બુદ્ધિસંપન્ન થવા માટે શરૂ કરેલું વ્રત. આ જે જ્ઞાન મેળવવાનું છે, જે ધારણશક્તિ પ્રાપ્ત કરવાની છે, જે અભંગ સ્મરણશક્તિ પ્રાપ્ત કરવાની છે એના માટે બ્રહ્મચર્ય જોઈએ. બ્રહ્મચર્ય વિના એકાગ્રતા નહીં. બ્રહ્મચર્ય એટલે બધી ઈન્દ્રિયોની શક્તિ એક જ ધ્યેય પર કેન્દ્રિય કરવી. બિલોરી કાચ દ્વારા સૂર્યનાં કિરણો એક જગ્યાએ કેન્દ્રિત થઈ તણખો પ્રકટાવે છે. એ પ્રમાણે બધી બાજુ જવા માટે પ્રયત્ન કરતી ઈન્દ્રિયોની શક્તિ એક ઠેકાણે લાવીને એમાંથી અદ્ભુત તેજનું નિર્માણ કરવું એટલે બ્રહ્મચર્ય.

ભારતીય સંસ્કૃતિમાં બ્રહ્મચર્યના મહિમાનું ખૂબ ગાન કરવામાં આવ્યું છે. બ્રહ્મચર્ય એટલે શું ? બ્રહ્મપ્રાપ્તિ માટે જે વર્તન કરવાનું, એ વર્તન એટલે બ્રહ્મચર્ય. બ્રહ્મપ્રાપ્તિનું આચરણ એટલે બ્રહ્મચર્ય. બ્રહ્મ એટલે શું ?બ્રહ્મ એટલે આપણું ધ્યેય. આપણને જે પરમોચ્ચ પ્રાપ્તવ્ય લાગતું હોય તે આપણું બ્રહ્મ. જેના માટે જીવવાની કે મરવાની ઈચ્છા થાય તે આપણું બ્રહ્મ.

બધી શક્તિઓનો ઉપયોગ કર્યા વિના ધ્યેયપ્રાપ્તિ થતી નથી. ધ્યેય જેટલું ઉચ્ચ તેના પ્રમાણમાં વધુ સામર્થ્યની જરૂર પડવાની. બધું સામર્થ્ય હોવા છતાં ધ્યેય સુધી હાથ ન પહોંચે ત્યારે આપણે પ્રાર્થનાનો સાથ લઈએ છીએ. પોતાનું બધું સામર્થ્ય અહીં તહીં સહેજ પણ ખર્ચાવા દીધા વિના, તેને ધ્યેયપ્રાપ્તિ પાછળા સંપૂર્ણપણે અર્પી દીધા પછી પણ જ્યારે ધ્યેયપ્રાપ્તિ છેટી રહી જાય છે ત્યારે પ્રાર્થનાનો સાચા અર્થમાં ઉદય થાય ચે.

ઉપનિષદોમાં એવો ઉલ્લેખ છે ક એક એક અક્ષર શીખવા માટે ઋષિઓ હજાર વર્ષ બ્રહ્મચર્યપાલન કરીને રહેતા. જ્ઞાનનો એક કણ મેળવવા માટે આવી તપશ્ચર્યા કરવી પડે છે.

બ્રહ્મચારી યુવાને કેવી રીતે રહેવું તેનું ઉપનિષદમાં એક જગ્યાએ ખૂબ સુંદર વર્ણન છે : ‘‘યુવાનોએ સત્પ્રવૃત્તિથી રહેવું. યુવાન દૃઢ અભ્યાસી, આશાવાદી, દૃઢ નિશ્ચયી અને સામર્થ્યસંપન્ન યુવાન હોવો જોઈએ. આ આખી ધનદાન્યક્ત પૃથ્વી એના પગ પાસે લોટશે. આવા યુવાને તમાશા, નાચગાન જોવાં નહીં. મહેફિલોમાં જવું નહીં. ગપાટાં મારતાં બેસવું નહીં. એણે એકાન્તમાં બેસીને અધ્યયન કરવું. ગુરુઅયોગ્ય વર્તન કરે તોપણ એ વાતનું અનુકરણ કરવું નહીં. સ્ત્રીઓ સાથે જરૂરી હોય એટલી જ વાત કરવી. યુવક મીઠા સ્વભાવવાળો, પ્રેમાળ, શાંત, વિનયી, દૃઢ નિશ્ચયી, સરળ, દૈન્યહીન હો. એણે ડગલે ને પગલે ચીડાવું નહીં. કોઈની ઈર્ષા ન કરવી. ગુરુને ત્યાં સવારસાંજ પાણી વગેરે ભરવું. જંગલમાં જઈને લાકડાંના ભારા લઈ આવવા અને અધ્યયન કરવું.’’ રાષ્ટ્રીય ધ્યેય માટે લડનારા લોકો આજે દેખાતા નથી. બધે નિરાશા, ઉદાસીનતા, નિરુત્સાહિતા. હું જ્ઞાન મેળવીશ, હું શરીર કસીશ, હું મોટો થઈશ — એવું કંઈ યુવાનોના મનમાં આવતું જ નથી. મહત્ત્વાકાંક્ષા બધે જ મરી પરવારી છે. રમતગમતમાં ઉત્સાહ નહીં, ભણવામાં ઉત્સાહ નહીં, રાષ્ટ્ર ગમે તેમ કરીને જીવે છે. યુવાનો વિચિત્ર રીતે વર્તે છે. આ સર્વાંગી દૈન્યનું એક મોટું કારણ બ્રહ્મચર્યનો ક્ષય છે.

ઉત્તમ બ્રહ્મચર્યમાંથી ઉત્તમ ગૃહસ્થાશ્રમ સિદ્ધ થતો હોય છે. મારું બ્રહ્મચર્ય ઉત્તમ નહીં હોય તો મારો ગૃહસ્થાશ્રમ પણ રોતડો જ રહેવાનો, માનસિક, બૌદ્ધિક અને શારીરિક સામર્થ્યનું સંપાદન કરીને જો હું ગૃહસ્થાશ્રમમાં પડીશ તો જ મારા ગૃહસ્થાશ્રમમાં તેજ આવશે, તો જ મારો ગૃહસ્થાશ્રમ સુખમય થશે.

ગૃહસ્થાશ્રમ એટલે આખા સમાજનો આધાર. ગૃહસ્થાશ્રમ ભવિષ્યકાળનું નિર્માણ કરે છે. ગૃહસ્થાશ્રમ એટલે સમાજનું ધારણ. ગૃહસ્થાશ્રમના મહિમાનું ગાન બધાએ કહ્યં છે. ધન્યો ગૃહસ્થાશ્રમ એમ કહ્યું છે. પણ આવી ધન્યતા સહેલાઈથી મળતી હોતી નથી. એ પ્રયત્નસાધ્ય હોય છે, કષ્ટસાધ્ય હોય છે.

ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્નીનાં શરીર સુંદર હોવાં જોઈએ, નીરોગી હોવાં જોઈએ. તે જ પ્રમાણે તેમનાં મન પણ નિરોગી હોવાં જોઈએ. પતિ-પત્નીએ એકબીજા સાથે નિષ્ઠાપૂર્વક રહેવું જોઈએ. લગ્નવિધિ દ્વારા પતિ-પત્નિ વચ્ચે સંબંધ બંધાય છે તે લગ્નવિધિનાં કેટલાંક મંત્રો ખૂબ સુંદર છે. વાડનિશ્ચય વખતે બ્રાહ્મણો કહે છે :

સમાની વ આકૃતૂઃ સમાના હૃદયાની વઃ ।
સમાનમસ્તુ વો મનઃ યથા વઃ સુસહાસતિ ॥

‘‘તમારો હેતુ એક હો. તમારા મન એક હો. તમારાં હૃદય એકરૂપ હો. તમારી સર્વ સંગઠનાઓને સામર્થ્ય મળે એ રીતે વર્તો.’’

એ જ પ્રમાણે વિવાહ હવન વખતે વર કહે છે :

દ્યૌરહમ્ પૃથ્વી ત્વમ્ સામાહમૃક્ત્વમ્
સંપ્રિયો રચિષ્ણુ સુમનસ્યામાનૌ જીવેવ શરદઃ શતમ્ ॥

‘‘હું આકાશ છું, તું પૃથ્વી છે. હું સામવેદ છું. તું ઋગ્વેદ ચે. આપણે એકબીજાને પ્રેમ કરીએ. એકબીજાને શોભાવીએ, એકબીજાંને પ્રિય થઈએ. એકબીજા સાથે નિષ્કપટ રીતે વર્તીને શતાયુષી થઈએ.’’

સપ્તપદી અને બીજાં વિધિ પૂરાં થયા પછી જ્યારે ગૃહપ્રવેશ થતો હોય છે ત્યારે વર કહે છે : ‘‘હે વધૂ, તું સાસુ-સસરા પર, નણંદ-દિયરો પર પ્રેમથી સત્તા ચલાવનારી બન.’’

‘‘બધાં દેવો અમારાં હૃદયનો ખુલ્લાં બનાવે. જળ અમારાં મનને નિર્મળ બનાવે. માતારિશ્વા, વિધાતા અને સરસ્વતી અમારાં જીવન પરસ્પર જોડે.’’


ગૃહપ્રવેશ વખતે મંત્ર બોલવામાં આવે છે : ‘‘હે વધુ ! તું આ કુલમાં આવી રહી છે. અહીં તને માતા થવાનો આનંદ મળો. સાચી ગૃહિણીનાં કર્તવ્યો તું આ ઘરમાં ચોકસાઈથી પાર પાડજે તારા પતિ સાથે આનંદથી રહે. તમે ઘરમાં લાંબો સમય વસવાટ કરીને સુખી થયા છો એમ લોકોને કહેવા દો.’’

‘‘ચાળણી વડે અનાજ સાફ કરી લેવામાં આવે છે. તે જ પ્રમાણે આ ઘરમાં શુદ્ધ અને સંયમપૂર્ણ વાણીનો ઉપયોગ કરવામાં આવે છે. તેને કારણે સારાં અને મોટાં માણસોને આ ઘર સાથે મૈત્રી બંધાય છે. આવી મીઠી ભાષા બોલનારાની જીભ પર લક્ષ્મી વસે છે.’’

(ક્રમશઃ)

- jayuoza@gmail.com, Mo.9898046488

# ઑગષ્ટના આરંભે ગુજરાતે જોયું જન સેવાના મહાયજ્ઞનું નવ દિવસનું ઐતિહાસિક અનુષ્ઠાન







આઓ, ફિર સે દિયા જલાયેં
ભરી દુપહરી મેં અંધિરાયા
સૂરજ પરછાઈ સે હારા
અંતરતમ કા નેહ નિચોડેં -
બુઝી હુઈ બાતી સુલગાએં
આઓ ફિર સે દિયા જલાયેં

ચિંતક, વિચારક, કવિ અને ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી બાજપેયીજીના આ શબ્દો ઑગષ્ટ મહિનાના આગાઝના પ્રથમ નવ દિવસ દરમિયાન કાનમાં સતત ગુંજતા રહ્યાં. ૧લી ઓગસ્ટથી ૯મી ઓગસ્ટ નવ દિવસ ગુજરાતમાં જનસેવા અને વિકાસના મહાયજ્ઞનું અદભુત અનુષ્ઠાન જોવા મળ્યું. ગુજરાતની નવરાત્રી ભક્તિ અને શક્તિની આરાધના માટે વિશ્વ સમસ્તમાં ઓળખાતી હોય છે. બરાબર એ જ રીતે ૧લી થી ૯મી ઓગસ્ટ નવ દિવસ ગુજરાતે જનસેવા અને વિકાસની અદભુત આરાધના કરી ઈતિહાસ રચ્યો છે. માત્ર નવ દિવસના સમયગાળામાં ૧૬ હજાર ઉપરાંત જનહીતલક્ષી કાર્યક્રમો યોજાયાં. ૪૮ લાખ ૫૬ હજાર ઉપરાંત નાગરિકોને રાજ્ય સરકારની વિવિધ લોકોપયોગી યોજનાના લાભ મળ્યાં. આ નવ દિવસ દરમિયાન વિવિધ યોજના અન્વયે રૂ. ૧૩ હજાર કરોડની રકમનો લાભ રાજ્યના જનસામાન્યને મળ્યો. આ નાની સુની ઘટના નથી. ગુજરાતના ઈતિહાસમાં કદાચ પહેલી વાર એવું બન્યું છે કે, નવ દિવસના સમયગાળામાં આટલા મોટા ફલક ઉપર ગુજરાતના ખૂણે ખૂણામાં વિકાસની આહલેક જાગી હોય. કોવિડ પ્રોટોકોલનું સંપૂર્ણપણે ધ્યાન રાખીને સમગ્ર રાજ્યમાં મેયરથી માંડીને મુખ્યમંત્રીશ્રી સુધીના પદાધિકારીશ્રીઓએ લોકો વચ્ચે જઈને છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતે કરેલી જનસેવાની આરાધનાને જનજન સુધી પહોંચાડી.

આજે ગુજરાત ચાર અક્ષરનો શબ્દ વિકાસનો પર્યાય બની ગયો છે. આ બિરુદ ગુજરાતને એમને એમ નથી મળ્યું. છેલ્લા બે અઢી દાયકાથી ગુજરાતે વિકાસનો રીતસરનો મહાયજ્ઞ આરંભ્યો છે. ગુજરાતના પનોતાપુત્ર અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને ભવ્ય અને દિવ્ય બનાવવાના મજબૂત પાયા નાખી આપ્યા છે. શ્રી નરેન્દ્રભાઈએ બનાવેલા ઉત્તમ ગુજરાતને હવે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ‘ટીમ ગુજરાત’ રાજ્યને ‘ઉત્તમથી સર્વોતમ ભણી’ લઈ જવા માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહી છે.



આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

શ્રી નરેન્દ્રભાઈ મોદી કહેતા હોય છે કે, ‘સમાજની સેવા કરવાનો અવસર ઋણ ચૂકવવાનો અમૂલ્ય મોકો આપે છે, એટલે જ્યારે પણ સમાજ સેવાની તક મળે ત્યારે સત્યનિષ્ઠાથી એ તકને ઝડપી લેવી જોઈએ.’ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણાથી સંવદનશીલતાપૂર્વક સંપૂર્ણ પારદર્શકતાથી જનહીતલક્ષી નિર્ણાયકતાએ ગુજરાતમાં પ્રગતિશીલતાની પરાકાષ્ઠા સર્જાઈ રહી છે તેની ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં સૌ કોઈ ગુજરાતી બાંધવોને પ્રતીતિ થઈ છે. છેલ્લા પાંચ વર્ષની ગુજરાતની વિકાસયાત્રાને જોઈને આજે ગુજરાતના ખૂણેખૂણામાં વસતો અદનો નાગરિક પણ હૃદયપૂર્વક એમ કહે છે કે, ‘આ સરકાર આપણી સરકાર છે’. પાંચ વર્ષનો સમયગાળો નાનો સમયગાળો ન કહેવાય. પાંચ વર્ષના અંતે શું કાર્ય થયાં તેનું સરવૈયું અને કેવા કાર્યો કરવાના છે તેનો રોડમેપ નક્કી કરવાનો સમય છે. અઢી દાયકાથી પણ વધુ સમય સુધી ગુજરાતની જનતાએ વિકાસલક્ષી રાજનીતિ અને પારદર્શક નિર્ણાયકતાને મનભરીને આશીર્વાદ આપ્યા છે. કિસાનો માટે કિસાન સૂર્યોદય યોજનાથી માંડીને સાતપગલાં ખેડૂત કલ્યાણના જેવી યોજનાઓથી છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના કિસાનોનું આર્થિક સશક્તિકરણ થઈ રહ્યું છે. ૨૨ લાખ કિસાનો પાસેથી ૧૯ હજાર કરોડના ૪૧ લાખ મેટ્રીક ટન કરતાં પણ વધારે ખેતપેદાશોની ટેકાના ભાવે ખરીદી કરીને ગુજરાતે ઐતિહાસિક કાર્ય કર્યું છે. અલગ અલગ યોજનાઓ અન્વયે રાજ્યના ખેડૂતોને છેલ્લા ત્રણ જ વર્ષમાં રૂ. ૯૯ હજાર કરોડ ઉપરાંતની રકમ આ સરકારે આર્થિક સહાય સ્વરૂપે આપી છે. કોરોના મહામારી હોય કે, અતિવૃષ્ટિનો માર હોય, તાઉતે જેવું મહાવિનાશક વાવાઝોડું હોય કે અનાવૃષ્ટિ હોય, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ છેલ્લા પાંચ વર્ષમાં તમામ આફતો સામે કુનેહપૂર્વક જીક ઝીલી છે અને ગુજરાતને તેમાંથી સાંગોપાંગ બહાર કાઢ્યું છે.

ગરીબો, વંચિતો, પીડિતો, શોષિતો, આદિવાસીઓ સૌ કોઈને હૃદયપૂર્વક અનુભૂતિ થઈ રહી છે કે અમારો ખરેખર વિકાસ થઈ રહ્યો છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અને ૭૬ જેટલી યુનિવર્સિટીઓ સાથે આજે ગુજરાત શિક્ષણનું હબ બન્યું છે. સ્ટુડન્ટ સ્ટાટ અપ રેક્કિંગમાં ગુજરાત પ્રથમ સ્થાને છે જે પ્રત્યેક ગુજરાતી માટે ગૌરવની વાત છે. યુવા શક્તિના સામર્થ્યને સુપેરે સમજીને છેલ્લા પાંચ વર્ષમાં ૧૭ લાખ જેટલાં યુવાનોને રોજગાર સ્વરોજગારના અવસરો પ્રાપ્ત થયા છે. ૨ લાખ જેટલાં યુવાનોને સરકારી નોકરી મળી છે. ગુજરાત છેલ્લા ૧ દશકથી પણ વધારે સમયગાળાથી રોજગાર વિનીમય કચેરી દ્વારા અપાતી રોજગારીમાં રાષ્ટ્રભરમાં અગ્રસ્થાને છે. નારી શક્તિનો સન્માન કરીને ૧૦ હજાર મહિલા સ્વસહાય જૂથોની રચના કરીને તેમનું આર્થિક સશક્તિકરણ આ સરકાર કરી રહી છે. શાંતિ સલામતી અને સુરક્ષા સાથે ગુજરાતના વિકાસ માટેની આ સરકારની પ્રતિબદ્ધતા સૌકોઈ પીછાણી રહ્યા છે. આતંકવાદીઓને ગુજસીટોક કાયદાના અમલથી, ભૂમાફિયાઓને લેન્ડગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટથી અને અસામાજિકતત્વોને ગુન્ડા એક્ટ પસાર કરીને ગુજરાતની સુરક્ષાને વધુ સુનિશ્ચિત કરવામાં આવી છે. દીકરીઓને આડે માર્ગે જતાં અટકાવતો લવ જેહાદનો કાયદો આ સરકારે હિંમતપૂર્વક ઘડ્યો છે.

નવ દિવસ વિષેશ નામ સાથે ઉજવાયા. જ્ઞાનશક્તિ દિવસે ‘પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતાહ્નના સૂત્ર ઉપર રાજ્યભરમાં કુલ ૨૫૩ કાર્યક્રમો યોજાયાં. લગભગ ૫૦ હજાર જેટલાં લોકોએ આ દિવસે રાજ્યભરમાં થયેલાં વિવિધ કાર્યક્રમોમાં કોવિડ પ્રોટોકોલ અનુસરતા હાજરી આપીને ગૌરવ અનુભવ્યું હતું. જ્ઞાનશક્તિ દિવસે ૧૪૧૫૯ જેટલાં ખાતમુહૂર્ત અને લોકાર્પણો થયાં હતાં.

અનુસંધાન પાના નં. ૭ પર